**ટી. પી. આરીવાલા**
અપીલ અધિકારી અને
મુખ્ય હિસાબનીશ

સુરત મહાનગર સેવાસદન
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩.

પ્રતિશ્રી,
તલ્હા ચાંદીવાલા,

નં.એકા/એસ.આર./
તા.    /૧૧/૨૦૨૨

વિષય :– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી આપવા બાબત.

સંદર્ભ :– ૦૧ આપશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૨/૦૪/૨૦૨૨ ની અરજી.
**આઈ.ડી.નં.૦૫, કોમ્પ્યુટર અરજી ક્રમાંક નં.૩૦૦/૫૦૭૭૦**

૦૨ આપશ્રીની તા.૧૬/૦૬/૨૦૨૨ ના રોજની પ્રથમ અપીલ અરજી

૦૩ અત્રેનો પ્રથમ અપીલ અંગેનો હુકમ નં.એકા/આર.ટી.આઈ./૩૮, તા.૦૬/૦૮/૨૦૨૨

૦૪ પ્રથમ અપીલ અંગેના હુકમ બાબતે ફેરહુકમ અંગે આપશ્રીનો પત્ર તા.૦૫/૦૯/૨૦૨૨

મહાશય,

ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, મુદ્દા નં–૧ ની સંપૂર્ણ માહિતી અને મુદ્દા નં–૨ ની આંશિક માહિતી આપશ્રીને વિનામૂલ્યે ફાળવવામાં આવેલ છે. ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી મહેશકુમાર પ્રભુલાલ જયમલાનીના જેટલા ઓર્ડર અને ડી.પી. પાવર અત્રે ઉપલબ્ધ હતા, તે તમામની નકલો આપશ્રીને વિનામૂલ્યે ફાળવવામાં આવી હતી. આપશ્રી અરજદારને સુરત મહાનગરપાલિકાના એકાઉન્ટ ખાતાના રૂમ નં.–૩૭ ખાતે ઉપલબ્ધ વિશાળ રેકર્ડ પૈકી ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી મહેશકુમાર પ્રભુલાલ જયમલાની ના સહીવાળા વાઉચર ફાઈલોનું નિરીક્ષણ કરવા બોલાવેલ હતા, પરંતુ આપશ્રી ધ્વારા વાઉચર ફાઈલોનું નિરીક્ષણ કરેલ ન હતું. રોજકામ–૧ મુજબ આપશ્રીને ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી મહેશકુમાર પ્રભુલાલ જયમલાની ના તમામ ઓર્ડર તેમજ ડી.પી. પાવરની નકલો આપવામાં આવી હતી અને નિરીક્ષણ માટે વાઉચર ફાઈલો બતાવવામાં આવી હતી. સદર ઓર્ડર અને ડી.પી. પાવરના આધારે ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી મહેશકુમાર પ્રભુલાલ જયમલાની ના સહીવાળા વાઉચરોના પેમેન્ટની કામગીરી અત્રેના મુખ્ય હિસાબી શાખામાંથી કરવામાં આવેલ હતી.

આપશ્રી ધ્વારા લગાવવામાં આવેલ આરોપ મુજબ એકાઉન્ટ ખાતાના ભ્રષ્ટાચાર બાબતે જણાવેલ છે. સદર બાબતે જણાવવાનું કે સદર આરોપ ગંભીર બાબત હોય સાબિત થયા વગરના આરોપ, સુરત મહાનગરપાલિકાની પ્રતિષ્ઠાને હાનિકારક હોય, જે અયોગ્ય છે.

આપશ્રી ધ્વારા જણાવ્યા મુજબ જે કાર્યપાલક ઈજનેરનું મહેકમ મંજૂર નથી એવા કાર્યપાલક ઈજનેરને ડી.પી.પાવર મુજબ નાંણાકીય બિલો ઉપર સહી કરવાની સત્તા નથી. સદર બાબતે જણાવવાનું કે ઈ.ચા.કાર્યપાલક ઈજનેરશ્રી મહેશકુમાર પ્રભુલાલ જયમલાની ને ઈ.ચા.કાર્યપાલક ઈજનેર તરીકેનો ઓર્ડર મા.કમિશ્નરશ્રી એ કરેલ હોય, સદર બાબત મહેકમ વિભાગને સ્પર્શતી હોય, મુખ્ય હિસાબી ખાતુ સદર બાબતે બિલોનું પેમેન્ટ અટકાવવા માટે અસક્ષમ છે.

જેથી આપશ્રી સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકો છો, જેની નોંધ લેવા વિનંતી.

(ટી.પી. આરીવાલા)
અપીલ અધિકારી અને
મુખ્ય હિસાબનીશ
સુરત મહાનગરપાલિકા

| | | |
|---|---|---|
| ટી.પી.આરીવાલા<br>અપીલ અધિકારી અને<br>મુખ્ય હિસાબનીશ | | સુરત મહાનગર સેવાસદન<br>ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,<br>મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩. |

**આઈ.ડી. નંબર– ૦૫**
**કોમ્પ્યુટર અરજી ક્રમાંક નં.૩૦૦/૫૦૭૭૦**
**અપીલ અરજી ક્રમાંકઃ**

અરજદાર : શ્રી તલ્હા ચાંદીવાલા
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી, હિસાબી વિભાગ, સુરત મહાનગરપાલિકા

**ફરિયાદની હકિકત :–**

વિષય :– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી આપવા બાબત.

સંદર્ભ :–
૦૧ શ્રી તલ્હા ચાંદીવાલાની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૨/૦૪/૨૦૨૨ ની અરજી. **આઈ.ડી.નં.૦૫ કોમ્પ્યુટર અરજી ક્રમાંક નં.૩૦૦/૫૦૭૭૦**
૦૨ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર નં.એસયુસી/આરટીઆઈ/આઉટ નં./૧૪, તા.૨૦/૦૪/૨૦૨૨ મારફત ટ્રાન્સફર થઈને આવેલ અરજી અત્રેના હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૩, તા.૨૧/૦૪/૨૦૨૨ થી મળેલ છે.
૦૩ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./આઉટ/૯, તા.૨૮/૦૪/૨૦૨૨ (તબદીલ)
૦૪ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./આઉટ/૧૦, તા.૨૮/૦૪/૨૦૨૨
૦૫ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./આઉટ/૧૧, તા.૨૯/૦૪/૨૦૨૨ (તબદીલ)
૦૬ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર, સ્લમ અપગ્રેડેશન વિભાગના પત્ર નં.એસયુસી/આરટીઆઈ/આઉટ નં./૨૩, તા.૩૦/૦૪/૨૦૨૨ મારફત ટ્રાન્સફર થઈને આવેલ અરજી અત્રેના હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૬, તા.૦૨/૦૫/૨૦૨૨ થી મળેલ છે.
૦૭ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./આઉટ/૧૭, તા.૨૬/૦૫/૨૦૨૨
**૦૮ આપશ્રીની અપીલ અરજી તા.૧૬/૦૬/૨૦૨૨**
૦૯ જાહેર માહિતી અધિકારી, નાગરિક સુવિધા કેન્દ, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સી.ઝોન/આઉટ/૧૮૩, તા.૧૭/૦૬/૨૦૨૨ મારફત ટ્રાન્સફર થઈને આવેલ અપીલ અરજી અત્રેના હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૮, તા.૨૧/૦૬/૨૦૨૨ થી મળેલ છે.
૧૦ અપીલ અધિકારી અને ઓફિસ સુપ્રિ.શ્રી,મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./એફ.એ.પી./૧૧, તા.૨૨/૦૬/૨૦૨૨ મારફત ટ્રાન્સફર થઈને આવેલ અપીલ અરજી હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૧૯, તા.૨૨/૦૬/૨૦૨૨ થી મળેલ છે.
૧૧ અત્રેના નં.એકા/એસ.આર./આઉટ/૨૩, તા.૨૭/૦૬/૨૦૨૨ (અપીલ અરજી મધ્યસ્થ મહેકમમાં મોકલવામાં આવેલ)
૧૨ અપીલ અધિકારી અને ઈ.ચા.પર્સોનેલ ઓફિસર, મહેકમ વિભાગના પત્ર નં.જીએડી/ઈએસટી/૧૭૭૨, તા.૨૯/૦૬/૨૦૨૨ મારફત ટ્રાન્સફર થઈને આવેલ અપીલ અરજી હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૨૧, તા.૨૯/૦૬/૨૦૨૨ થી મળેલ છે.
૧૩ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./આઉટ/૨૪, તા.૦૧/૦૭/૨૦૨૨
૧૪ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./આઉટ/૨૬, તા.૧૧/૦૭/૨૦૨૨
૧૫ અપીલની રૂબરૂ સુનાવણી તા.૧૯/૦૭/૨૦૨૨
૧૬ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./આઉટ/૩૫, તા.૨૧/૦૭/૨૦૨૨
૧૭ અપીલની ફરી રૂબરૂ સુનાવણી તા.૨૬/૦૭/૨૦૨૨

અરજદારશ્રી તલ્હા ચાંદીવાલાની **આઈ.ડી.નં.૦૫** તા.૧૨/૦૪/૨૦૨૨ ની અરજીથી માંગ્યા મુજબની માહિતી "અધુરી માહિતી મળેલ છે" એવું જણાવી એપલેટ ઓફિસરને તા.૧૬/૦૬/૨૦૨૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે, જે અપીલ અરજી અત્રેના વિભાગમાં સંદર્ભ–૦૯ અને ૧૦ થી મળેલ છે.

અરજદારની **આઈ.ડી.નં.૦૫** તા.૧૨/૦૪/૨૦૨૨ ની અરજીથી માહિતી માંગતી અરજી સંદર્ભ–૦૨ મુજબના પત્રથી અત્રે હિસાબી વિભાગને મુદ્દા નં.૧ અને ૨ બાબતે તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી તરફથી "**પત્ર નં.એકા/આર.ટી.આઈ./૧૦, તા.૨૮/૦૪/૨૦૨૨ થી સદર અરજી બાબતે તા.૦૬/૦૫/૨૦૨૨ થી તા.૦૭/૦૫/૨૦૨૨ દરમ્યાન રેકર્ડના રૂબરૂ નિરીક્ષણ માટે બોલાવેલ, પરંતુ અરજદારશ્રી હાજર ન રહેતાં હિસાબી ખાતાના ઉપલબ્ધ રેકર્ડ મુજબ માહિતીના મુદ્દા નં.૧ અને ૨ ની માહિતી પાઠવવામાં આવેલ.**"

ત્યારબાદ ઉકત સંદર્ભ–૦૯ અને ૧૦ થી અત્રેના ખાતામાં તા.૨૨/૦૬/૨૦૨૨ ના રોજ મળેલ પ્રથમ અપીલ અરજીના અનુસંધાને મુખ્ય હિસાબનીશ અને અપીલ અધિકારી, હિસાબી વિભાગ તરફથી અરજદારશ્રીને સંદર્ભ–૧૩ થી તા.૦૮/૦૭/૨૦૨૨ ના રોજ બપોરે ૧:૦૦ કલાકથી ૨:૦૦ કલાકના સમયગાળા દરમ્યાન હાજર રહેવા બોલાવેલ, પરંતુ અરજદારશ્રી હાજર ન રહેતાં ઉકત સંદર્ભ–૧૪ થી તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ બપોરે ૧:૦૦ કલાકથી ૨:૦૦ કલાકના સમયગાળા દરમ્યાન હાજર રહેવા બોલાવેલ. સદર તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ થયેલ રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી તેમજ અરજદારશ્રી હાજર રહયા હતા. સદર સુનાવણીમાં અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં.૨ અંગેની માહિતી અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ સમયમર્યાદામાં અરજદારશ્રીને વિનામૂલ્યે પાઠવવા તેમજ મુદ્દા નં.૧ બાબતે રેકર્ડ નિરીક્ષણ માટે સમય ફાળવવાનું નકકી કરવામાં આવેલ.

ઉપરોકત સંદર્ભ–૧૫ મુજબ તા.૧૯/૦૭/૨૦૨૨ ના રોજ રાખેલ રૂબરૂ સુનાવણીમાં થયેલ ચર્ચા અન્વયે અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતીના રૂબરૂ નિરીક્ષણ માટે તા.૨૬/૦૭/૨૦૨૨ ના રોજ સાંજે ૪:૦૦ કલાકથી ૦૫:૦૦ કલાકના સમયગાળા દરમ્યાન હાજર રહેવા બોલાવેલ. સદર તા.૨૬/૦૭/૨૦૨૨ ના રોજ થયેલ રૂબરૂ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી તેમજ અરજદારશ્રી હાજર રહયા હતા. સદર સુનાવણીમાં માંગ્યા મુજબની માહિતીના મુદ્દા નં.૨ અન્વયે ઓફિસ ઓર્ડર નંગ–૪ પાઠવવામાં આવેલ તેમજ ઉપલબ્ધ રેકર્ડના રૂબરૂ નિરીક્ષણ માટે અરજદારશ્રી હાજર રહેલ હતા અને અન્ય કોઈ માહિતી આપવાની રહેતી ન હોય તે બાબતે અપીલ અરજી દફતરે કરવા યોગ્ય હુકમ કરવા વિનંતી.

**:: હુકમ ::**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકિકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

**"અરજદારશ્રીની આઈ.ડી.નં.૦૫, તા.૧૨/૦૪/૨૦૨૨ ની અરજી તેમજ તા.૧૬/૦૬/૨૦૨૨ ની અપીલ અરજીથી માંગવામાં આવેલ માહિતી અન્વયે મુદ્દા નં.૨ બાબતેની માહિતી ઉકત નિર્દિષ્ટ સુનાવણીમાં થયેલ ચર્ચા મુજબ અરજદારશ્રીને અત્રેના ઉપલબ્ધ રેકર્ડ મુજબ તા.૨૬/૦૭/૨૦૨૨ ના રોજ રૂબરૂમાં વિનામૂલ્યે ઓફિસ ઓર્ડર નંગ–૪ પાઠવવામાં આવેલ છે તેમજ મુદ્દા નં.૧ બાબતે ઉપલબ્ધ રેકર્ડનું રૂબરૂ નિરીક્ષણ કરવા માટે અરજદારશ્રી હાજર રહેલ હતા, જેથી અરજદારશ્રીને અન્ય કોઈ માહિતી આપવાની રહેતી ન હોય, તેઓની સદર અપીલ અરજી દફતરે કરવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને જણાવવામાં આવે છે."**

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

નં.એકા/આર.ટી.આઈ./૩૮
તા. ૦૬/૦૮/૨૦૨૨

(ટી.પી.આરીવાલા)
મુખ્ય હિસાબનીશ અને
અપીલ અધિકારી,
હિસાબી વિભાગ
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ (૦૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી પ્રતિ....જાણ માટે.
(૦૨) શ્રી તલ્હા ચાંદીવાલા પ્રતિ...તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

**ટી. પી. આરીવાલા**
**અપીલ અધિકારી**
**અને મુખ્ય હિસાબનીશ**

**સુરત મહાનગર સેવાસદન**
**ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,**
**મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩**

**આઈ.ડી. નંબર– ૪૩૪**
**કોમ્પ્યુટર અરજી ક્રમાંક નં.૬૦૦/૧૪૩૧૨**
**અપીલ અરજી ક્રમાંકઃ**

અરજદાર : શ્રી દિપકભાઈ રણછોડભાઈ પટેલ,
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, હિસાબી વિભાગ, સુરત મહાનગરપાલિકા

**ફરિયાદની હકિકત :–**

વિષય :– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી આપવા બાબત.

સંદર્ભ :–
૦૧ અરજદારશ્રી દિપકભાઈ રણછોડભાઈ પટેલની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૪/૦૬/૨૦૨૨ ની અરજી. **આઈ.ડી. નં.૪૩૪**
૦૨ જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સાઉથ ઝોન (ઉધના) ના પત્ર નં.સા.ઝોન/ટેક/૮૧૪, તા.૨૮/૦૬/૨૦૨૨ મારફત ટ્રાન્સફર થઈને આવેલ અરજી અત્રેના હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૨૬, તા.૦૧/૦૭/૨૦૨૨ થી મળેલ છે.
૦૩ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૨૫, તા.૦૬/૦૭/૨૦૨૨
૦૪ અરજદારશ્રી દિપકભાઈ રણછોડભાઈ પટેલની અપીલ અરજી તા.૦૧/૦૮/૨૦૨૨
૦૫ જાહેર માહિતી અધિકારી અને એકઝી.આસીસ્ટન્ટશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, સેન્ટ્રલ ઝોનના પત્ર નં.સીસીસી/સે.ઝોન/આઉટ/૩૦૮, તા.૦૧/૦૮/૨૦૨૨ મારફત ટ્રાન્સફર થઈને આવેલ અરજી અત્રેના હિસાબી ખાતા નં.એકા/એસ.આર/ઈન/૩૨, તા.૦૧/૦૮/૨૦૨૨ થી મળેલ છે.
૦૬ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૩૯, તા.૧૭/૦૮/૨૦૨૨
૦૭ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૪૪, તા.૦૩/૦૯/૨૦૨૨

અરજદારશ્રી દિપકભાઈ રણછોડભાઈ પટેલની **આઈ.ડી.નં.૪૩૪,** તા.૦૧/૦૮/૨૦૨૨ ની પ્રથમ અપીલ અરજીથી "માંગ્યા મુજબની માહિતીથી અરજદારશ્રીને પાઠવેલ જવાબથી અરજદારશ્રી અસંતુષ્ટ છે" એવું જણાવી એપેલેટ ઓફિસરશ્રી, હિસાબી વિભાગને તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ છે, જે પ્રથમ અપીલ અરજી અત્રેના વિભાગમાં સંદર્ભ–૦૫ થી તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ છે.

અરજદારની **આઈ.ડી.નં.૪૩૪** તા.૨૪/૦૬/૨૦૨૨ ની અરજીથી માહિતી માંગતી અરજી ઉકત સંદર્ભ–૦૨ મુજબના પત્રથી અત્રે હિસાબી વિભાગને તબદીલ કરવામાં આવેલ જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી તરફથી "**પત્ર નં.એકા/આરટીઆઈ./૨૫, તા.૦૬/૦૭/૨૦૨૨ થી સદર અરજી અન્વયે માહિતી અરજદારને પાઠવવામાં આવેલ છે.**"

ત્યારબાદ ઉકત સંદર્ભ–૫ થી અત્રેના ખાતામાં તા.૦૧/૦૮/૨૦૨૨ ના રોજ મળેલ પ્રથમ અપીલ અરજીના અનુસંધાને મુખ્ય હિસાબનીશ અને અપીલ અધિકારી, હિસાબી વિભાગ તરફથી અરજદારશ્રીને સંદર્ભ–૦૬ થી તા.૨૩/૦૮/૨૦૨૨ ના રોજ તથા સંદર્ભ–૦૭ થી તા.૦૮/૦૯/૨૦૨૨ ના રોજ સાંજે ૪:૦૦ કલાકથી ૫:૦૦ કલાકના સમયગાળા દરમ્યાન મુખ્ય હિસાબી ખાતામાં રૂબરૂ હાજર રહેવા બોલાવેલ. ઉપરોકત

જણાવેલ બંને સુનાવણીમાં લાગત જાહેર માહિતી અધિકારી તરફે સેકશન ઓફિસરશ્રી ઉપસ્થિત રહયા હતા પરંતુ ઉકત જણાવેલ બંને સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ ન હતા જેથી અરજદારને માહિતી મેળવવામાં રસ નથી એમ સમજી તેઓની અપીલ અરજી દફતરે કરવા યોગ્ય હુકમ કરવા વિનંતી.

## :: હુકમ ::

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકિકતો ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

**"અરજદારની આઈ.ડી. નં.૪૩૪ તા.૨૪/૦૬/૨૦૨૨ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે હિસાબી વિભાગ તરફથી "પત્ર નં.એકા./આરટીઆઈ/૨૫, તા.૦૬/૦૭/૨૦૨૨ થી અરજદારને સદર માહિતી બાબતે પત્ર પાઠવવામાં આવેલ" તેમજ તા.૦૧/૦૮/૨૦૨૨ ની અપીલ અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતેની ઉકત નિર્દિષ્ટ બંને સુનાવણીમાં અરજદારશ્રી ગેરહાજર રહેલ હોવાથી તેઓને માહિતી મેળવવામાં રસ નથી એમ સમજી તેઓની અપીલ અરજી દફતરે કરવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રીને જણાવવામાં આવે છે."**

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

નં.એકા/આર.ટી.આઈ./૫૦
તા.૧૫/૦૯/૨૦૨૨

(ટી.પી.આરીવાલા)
મુખ્ય હિસાબનીશ અને
અપીલ અધિકારી,
હિસાબી વિભાગ,
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ (૦૧) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી પ્રતિ....જાણ માટે.

(૦૨) શ્રી દિપકભાઈ રણછોડભાઈ પટેલ પ્રતિ....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

**ટી. પી. આરીવાલા**
**અપીલ અધિકારી**
**અને મુખ્ય હિસાબનીશ**

**સુરત મહાનગર સેવાસદન**
**ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,**
**મુગલીસરા, સુરત – ૩૯૫૦૦૩**

**આઈ.ડી. નંબર– ૨૩૫૧**
**કોમ્પ્યુટર અરજી ક્રમાંક નં.૩૦૦/૫૩૬૦૭**
**અપીલ અરજી ક્રમાંકઃ ૨૦૨૨૩૦૦૧૦૩૨**

અરજદાર : શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ અને મો.ઈકબાલ શેખ
સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ડે.એકાઉન્ટન્ટ, હિસાબી વિભાગ, સુરત મહાનગરપાલિકા

વિષય :– જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અંતર્ગત માહિતી આપવા બાબત.

સંદર્ભ :–
૧ અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૨૦–૦૧–૨૦૨૩ ની અરજી **આઈ.ડી. નં.૨૩૫૧**
૨ જાહેર માહિતી અધિકારી અને એકઝી. આસીસ્ટન્ટશ્રી, નાગરિક સુવિધા કેન્દ્ર, મુગલીસરાના પત્ર નં.સીસીસી.સીઝેડ/આર.ટી.આઈ./આઉટ/૨૩૫૧, તા.૨૧/૦૧/૨૦૨૩ થી તબદીલ થયેલ અરજી અત્રેના હિસાબી ખાતા નં.એકા/આર.ટી.આઈ./ઈન/૭૧, તા.૨૫/૦૧/૨૦૨૩ થી હિસાબી ખાતામાં મળેલ છે.
૩ અત્રેના પત્ર નં.એકા/આર.ટી.આઈ./૮૦, તા.૦૬/૦૨/૨૦૨૩
૪ આપશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળની તા.૧૭/૦૨/૨૦૨૩ ની **અપીલ અરજી**
૫ અપીલ અધિકારી અને ઈ.ચા.ઓફિસ સુપ્રિટેન્ડન્ટશ્રી, મધ્યસ્થ કચેરીના પત્ર નં.સી./એફ.એ.પી./૫૦, તા.૧૭/૦૨/૨૦૨૩ થી તબદીલ થયેલ અપીલ અરજી અત્રેના હિસાબી ખાતામાં નં.એકા/આર.ટી.આઈ./ઈન/૭૫, તા.૨૧/૦૨/૨૦૨૩ થી અપીલ અરજી મળેલ છે.
૬ અરજદારશ્રીના તા.૦૯/૦૩/૨૦૨૩ ના રોજનો પત્ર કે જે હિસાબી ખાતામાં નં.એકા/આર.ટી.આઈ./ઈન/૭૬, તા.૧૦/૦૩/૨૦૨૩

અરજદારશ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ અને મો.ઈકબાલ શેખની **આઈ.ડી.નં.૨૩૫૧,** તા.૧૭/૦૨/૨૦૨૩ ની પ્રથમ અપીલ અરજીથી "માંગ્યા મુજબની માહિતી સંતોષકારક મળેલ નથી" એવું જણાવી એપેલેટ ઓફિસરને તા.૧૭/૦૨/૨૦૨૩ ના રોજ પ્રથમ અપીલ કરવામાં આવેલ છે, જે પ્રથમ અપીલ અરજી અત્રેના વિભાગમાં સંદર્ભ–૦૫ થી તા.૨૧/૦૨/૨૦૨૩ ના રોજ મળેલ છે.

અરજદારની **આઈ.ડી. નં.૨૩૫૧** તા.૨૦/૦૧/૨૦૨૩ થી માહિતી માંગતી અરજી ઉકત સંદર્ભ–૦૨ મુજબના પત્રથી અત્રે હિસાબી વિભાગને તા.૨૫/૦૧/૨૦૨૩ ના રોજ તબદીલ થઈને મળેલ, જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને ડે.એકાઉન્ટન્ટશ્રી તરફથી "**પત્ર નં.એકા/આરટીઆઈ./૮૦, તા.૦૬/૦૨/૨૦૨૩ થી સદર અરજી અન્વયે માંગવામાં આવેલ માહિતી બાબતનો પત્ર અરજદારને પાઠવવામાં આવેલ.**"

ત્યારબાદ ઉકત સંદર્ભ–૫ થી અત્રેના ખાતામાં તા.૨૧/૦૨/૨૦૨૩ ના રોજ મળેલ પ્રથમ અપીલ અરજીના અનુસંધાને જણાવવાનું કે સંદર્ભ–૬ મુજબના અરજદારશ્રીના પત્ર મુજબ સદર અપીલ અરજીમાં માંગવામાં આવેલ માહિતી અત્રેના ખાતાને લાગુ પડતી નથી તેમજ શરતચૂકથી અત્રેના ખાતામાં અપીલ અરજી તબદીલ કરવામાં આવેલ છે.

અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને જે સમજણ આપવામાં આવેલ છે તે અરજદારશ્રીને માન્ય છે, જેથી તેઓની અપીલ અરજી દફતરે કરવા યોગ્ય હુકમ કરવા વિનંતી.

**:: હુકમ ::**

અરજદારની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

**"અરજદારની આઈ.ડી.નં.૨૩૫૧, તા.૨૦/૦૧/૨૦૨૩ ની અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે હિસાબી વિભાગ તરફથી "પત્ર નં.એકા./આરટીઆઈ/૮૦, તા.૦૬/૦૨/૨૦૨૩ થી અરજદારને સદર માહિતી બાબતે પત્ર પાઠવવામાં આવેલ" તેમજ તા.૧૭/૦૨/૨૦૨૩ ની અપીલ અરજીથી માંગવામાં આવેલ માહિતી બાબતે અરજદારશ્રીને આપવામાં આવેલ સમજણ તેઓશ્રીને માન્ય હોય, તેઓની અપીલ અરજી દફતરે કરવા જાહેર માહિતી અધિકારી તેમજ ઈ.ચા.ડે.એકાઉન્ટન્ટશ્રીને જણાવવામાં આવે છે."**

અરજદાર સદર હુકમથી નારાજ હોય તો ગુજરાત માહિતી આયોગ, કર્મયોગી ભવન, રાજય કક્ષાની કચેરીઓ, બ્લોક નં.૧, બીજો માળ, નિર્માણ ભવન પાછળ, સેકટર નં.૧૦–એ, ગાંધીનગર ખાતે બીજી અપીલ કરી શકે છે.

નં.એકા/આર.ટી.આઈ./૮૭
તા.૧૭/૦૩/૨૦૨૩

(ટી.પી.આરીવાલા)
મુખ્ય હિસાબનીશ અને
અપીલ અધિકારી,
હિસાબી વિભાગ
સુરત મહાનગરપાલિકા

ન.રવાનાઃ (૦૧) જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.ડે.એકાઉન્ટન્ટશ્રી પ્રતિ....જાણ માટે.

(૦૨) શ્રી દેવેન્દ્ર એસ. પ્રજાપતિ અને મો.ઈકબાલ શેખ પ્રતિ...તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.